જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૬/૨૦૧૫ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૨૨૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૫૧૯ લીટર દેશી દારૂ, ૮૯ બોટલ ઈન્ગ્લીશ દારૂ, ૨૩૯ બિયરટીન, ૨ સ્કુટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૭,૭૬૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ/બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૨/૧૫**

**નરોડાઃ** નરોડા વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની તરુણીની માતાએ પાટણ, વાડદોડ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી હતી કે ૧૫ વર્ષની તરૂણીને આરોપી (૧) લક્ષ્મીબહેન મકવાણા અને (૨) રંજનબહેન અશ્વિનભાઈ (બન્ને રહે. ઓઢવ) સારા છોકરા સાથે લગ્ન કરાવવાનુ કહી તા.૧૨/૬/૧૫ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે અપહરણ કરી લઈ ગઈ હતી. ત્યારબાદ બીજા બે આરોપી પતિ-પત્ની ની મદદગારીથી અરોપી કલ્પેશભાઈ ભૈયાજીએ આ તરૂણીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. આ બનાવ નરોડા વિસ્તારમાં બનેલ હોઈ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ૦૦ નંબરથી આવતા નરોડા પોલીસે અરોપીઓ વિરૂધ્ધ અપહરણ/ બળાત્કારનો ગુનો નોધી આરોપીઓની ધરપકડ કરી આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર બી રાણા ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૩/૧૫**

**વેજલપુરઃ** નવરંગપુરા વિસ્તારમાં રહેતી ૩૮ વર્ષની પરણીત મહીલાએ તા.૧૪/૬/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૦/૧૩ નારોજ આરોપી દિપક જનાર્દન પ્રસાદ (રહે. અસ્માકમ ફ્લેટ મકરબા રોડ વેજલપુર) એ આરોપીના ઘરે મહીલાને કોલ્ડ્રીંકમાં કેફીપીણુ પીવડાવી બેભાન કરી શરીર સંબંધ બાંધ્યો હતો તેમજ ક્લીપ ઉતારી હતી. ત્યારબાદ આ મહીલાને ક્લીપ ફરતી કરવાની ધમકી આપી એપ્રીલ ૨૦૧૪ દરમ્યાન અવાર-નવાર શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.બી વાળંદ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૪/૧૫**

**શાહપુરઃ** જશોદાબહેન ભરતભાઈ દાંતણીયા (રહે.કીડીપાડાની પોળની અંદર પાણીવાળી પોળ ભવાનપુરાની પોળ સામે નાગોરીવાડ શાહપુર) એ તા.૧૪/૬/૧૫ નારોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૬/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર દિવ્ય (ઉ.વ.૧૫) નુ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન પી રાઠોડ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૫/૧૫**

**સેટેલાઇટ :** કિરણસિંહ ભારતસિંહ પુવાર (રહે.સુજલ એપાર્ટમેન્ટ, રામદેવનગર, સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૬/૧૫ સવારના ૮/૦૦ થી સાંજના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના પુત્રનાં બંધ મકાનનાં દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી ચાંદીની વસ્તુઓ કુલ કિંમત રૂપિયા ૫૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી.એન.વાઘેલા ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** વિપુલસિહ રામસ્વરૂપસિહ પુવાર (રહે.ભાગ્યોદય સોસાયટી દેવી સીનેમાની પાછળ સરદારનગર) એ તા.૧૪/૬/૧૫ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૬/૧૫ થી તા.૧૪/૬/૧૫ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન ઠક્કરનગર વિહ્તનગર શિવ ઈન્ડસ્ટ્રીઝ કારખાનામાંથી પાવર પ્રેસ મશીનની ડ્રાઈ નંગ-૨૦, ઈલેક્ટ્રીક મોટર નંગ-૫, ડ્રાલ મશીનનો પાટલો નંગ-૧,મશીન વીલ નંગ-૬ અને ઈલેક્ટ્રીક પંખા નંગ-૪ મળી કુલ કિમત રૂપિયા ૭૯,૩૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે કે રાઠોડ ચલાવે છે.

**કાગડાપીઠ :** બલવંતસિંગ જુજારસિંગ ભાટી (રહે.ઇંડીયા બુલ્સ ટાવર, હરીભાઇ ગોદાણી સર્કલ પાસે, સરસપુર) એ તા.૧૪/૬/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૬/૧૫ સાંજના ૭/૩૦ થી તા.૩/૬/૧૫ સવારનાં ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન કાગડાપીઠ ઘંટાકર્ણ માર્કેટ ખાતે આવેલ પોતાની દુકાન નંબર જે/૧૨૦ ના શટરનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી લેડીઝ ડ્રેસ મટીરીયલ્સ કુલ કિંમત રૂપિયા ૧,૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જયેન્દ્રસિંહ રૂપસિંહ ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૨૨૬/૧૫**

**સોલા હાઇકોર્ટ :** પ્રભુભાઇ લાભુભાઇ રાઠોડ (રહે.હિંગરાજનગર, વિભાગ-૨, મલાવ તળાવ, થલતેજ) એ તા.૭/૬/૧૫ રાતનાં ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૧.સી.વાય.૨૫૯૮ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૮/૬/૧૫ સવારનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ પ્રભુભાઇ રાઠોડે તા.૧૪/૬/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**કૃષ્ણનગરઃ** પારસભાઈ બકતાવરજી ગુર્જર (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ કૃષ્ણનગર બગીચા પાસે નરોડા) એ તા.૧૨/૬/૧૫ રાતનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની મહેન્દ્રા મેક્સ પીકપ ડાલુ ગાડી નંબર જીજે.૧૭.વાય ૭૬૬૨ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૩/૬/૧૫ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ પારસભાઈ ગુર્જરએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ એસ અસારી છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૨૭/૧૫</u>**

**કાગડાપીઠઃ** સુભાષભાઈ શકરાભાઈ કહાર (રહે.મહાકાલીની ચાલી સીટીમીલ કંમ્પાઉન્ડની બાજુમાં રાયપુર દરવાજા બહાર) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૧૩/૬/૧૫ રાતનાં ૯/૫૫ વાગ્યાના સુમારે પોતાના પિતા શકરાભાઈ રાયપુર બી આર ટી એસ બસ સ્ટેન્ડ ભવાનપુરાની પીઠના નાકેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા લોડીંગ રિક્ષા ચાલકે રિક્ષા બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી ટક્કર મારી નાસી ગયો હતો. આથી શકરાભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એમ વાઘેલા ચલાવે છે.

**<u>ભુલથી ફ્રેશનર લીકવીડ પી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૨૮/૧૫</u>**

**સાબરમતીઃ** કુલકુવરબહેન વિજયકુમાર લાદવાલ (રહે.અષંદ વાલજીની ચાલી જવાહર ચોક) એ તા.૧૭/૫/૧૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ભુલથી કુલરમાં નાખવાનુ ફ્રેશનર લીકવીડ પી જતા સારવાર માટે એપોલો હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૪/૬/૧૫ કલાક ૧/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ બિજલભાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યા :</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૨૯/૧૫</u>**

**માધવપુરાઃ** માહીબહેન રાજેશભાઈ વાઘેલા (ઉ.વ.૧૫)(રહે.ભગવાનદાસની ચાલીની બાજુમાં મહેદીકુવા ઠાકોરવાસ) ને તેની માતાએ તા.૧૩/૬/૧૫ સાંજના ઘરકામ કરી ટીવી જોવાનુ કહેતા માહીબહેનને મનમાં લાગી આવતા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પોસઇ.શ્રી વી એમ ઝાલા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)